






પક્ષોમાં અંદરોઅંદર સૌ કરે છે કુસ્તી!
સત્તા-પદની ખેંચાખેંચ સૌ લડે છે કુસ્તી!
ઠરે છે કુસ્તી, આમ આપણી રાષ્ટ્રીય રમત -
એકમેકને પછાડવા, બાથ ભરે છે કુસ્તી!
(કેન્દ્ર, ઓલંપીકમાં વિરોધમાં નોંધાવે-શ્રી કુસ્તીબાજ ન.મો)




ઘટે ઉંચાઇ,
સેનાના ઉડાનની -
તૂટે મોરલ..

છોડતા નથી,
કોઇ જ ક્ષેત્ર, નેતા -
ઓછાયા વિના..

(નેતાઓ અને સેનાધિકારીઓની સાંઠગાઠ)

## ચિંતન

**પ્રિયા ન્યાય્યા વૃત્તિર્મલિનમસુભગે અપ્યસુકરં ત્વ સંતો નાભ્યર્થ્યાઃ સુહૃદયિ ન યાચ્યઃ કૃશધનઃ ।**
**વિપદ્યુચ્છેસ્થેયં પદમનુવિધેયં ચ મહતાં સતાં કેનોદ્દિષ્ટં વિષમમસિધારાવ્રત મિદમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'સજ્જન પ્રશંસા' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

સંત-સજ્જન પુરૂષો ન્યાય યુક્ત વૃત્તિના હોય છે એમને ન્યાય જ પ્રિય હોય છે. પ્રાણ જતા હોય તો પણ એ ખોટું - મલિન - કે અસત્યનું આચરણ કરતા નથી. એમને માટે એ અશક્ય જ છે. દુર્જનો પાસે એ કદી કંઇ યાચના કરતાં નથી કે એમની પાસેથી કોઇ અપેક્ષા પણ રાખતા નથી. સજ્જન પાસેથી પણ તે કંઇ માગતા નથી. સજ્જન પોતે મુશ્કેલીમાં હોય છતાં પણ પોતાના સ્થિર ચારિત્ર્ય અને સહનશીલ સ્વભાવ સાથે સ્થિર-તટસ્થ રહે છે. ડગમગી જતા નથી.. કે પોતાના પોતાના સત્ય-સિધ્ધાંત રૂપ આચરણનો ત્યાગ પણ કરતાં નથી. અને સદાય સંત-સજ્જને ચીંધેલાં માર્ગ પર જ દૃઢતાપૂર્વક ચાલે છે.

આવું તલવારની ધાર પર ચાલવા જેવું કષ્ટમય અને સંઘર્ષમય જીવન જીવવાની પ્રેરણા તેમને કોણે આપી હશે?

ટૂંકમાં સજ્જન-સદ્-ચારિત્ર્યવાન કોઇ પણ કપરી પરિસ્થિતિમાં પણ ન્યાય-નિષ્ઠ માર્ગનો કદાપિ ત્યાગ કરતા નથી.

## સુવિચાર

- જેટલો સમય આપણે કોઇ કામ કરવાની ચિંતામાં બગાડીએ છીએ એટલો સમય એ કામ કરવામાં લગાડીએ તો ચિંતા થાય જ નહીં **- વેરિયલ ફ્રિજર**
- જો તમારો આત્મવિશ્વાસ મજબૂત હશે તો તમને જગતની કોઇ જ ચિંતા સતાવશે નહીં **- મોન્ટેસ્ક**
- જે વ્યવસાયી માણસને ચિંતાથી કેમ દૂર રહેવું એનું જ્ઞાન નથી એ જલદીથી ધનોતપનોત થઇ જાય છે **- ડી.કેટન**
- રચનાત્મક કાર્યક્રમના આયોજન પૂરતી ચિંતા વાજબી છે પણ એ ચિંતા જો તમારા શરીરને કોરી ખાય તો ગેરવાજબી છે **- ગાંધીજી**
- ચિંતા-દુખ-પરેશાની, મુશ્કેલીઓ એ આપણી આંતરિક નબળાઇનું પરિણામ છે જો તમારૂં મન મજબૂત અને નિર્ણય મક્કમ હશે તો તમને કોઇની ચિંતા કે આપત્તિ સતાવશે નહીં **- રહીમ**
- ચિંતાથી કાલનો વિષાદ તો દૂર થવાનો જ નથી ઉલ્ટું તમારી આજની શક્તિ પણ ખવાઇ જશે **- કોરી ટેન બૂમ**
- જૂઠ્ઠા બોલો સતત ચિંતામાં જ રહે છે કારણ કે તેને જુઠાણું પકડાઇ જવાનો ડર રહે છે **- ફાધર વાલેસ**

## બોધ કથા

આપણે પાઠ-પૂજા-ભક્તિ-સત્સંગ-યાત્રાઓ કરીએ છીએ પણ એના પાછળનો હેતુ તો વધારે 'ભૌતિક સુખ' એટલે 'માયા'માં વધારે લપેટાઇ જવાનો જ હોય છે. આવા એક ભક્તે સ્વામી રામકૃષ્ણને પ્રશ્ન પૂછ્યો : સ્વામીજી હું - જપ-તપ, પૂજા-પાઠ વર્ષોથી કરૂં છું પણ 'સાક્ષાત્કાર' કેમ નથી થતો?

સ્વામીજી એ કહ્યું - તમને એ બધી ક્રિયામાં સાચો વિશ્વાસ, સાચી શ્રધ્ધા અને સાચી ઝંખના નથી, એટલે!

ભક્ત આશ્ચર્ય સાથે સ્વામીજી તરફ જોઇ રહ્યો.

સ્વામીજીએ કહ્યું - કોઇ પ્રેમિકા પોતાના પ્રેમીના આગમનની રાહ જોતી હોય અને પ્રેમી પાછળે દરવાજેથી ગુપ્ત રીતે આવવાનો હોય તો પ્રેમીકાને ઊંઘ આવશે?

એક ચોરને ખબર છે કે બાજુના ઓરડામાં સોનાનો ભંડાર છે વચ્ચે પાતળી દિવાલ છે, પછી એને આખી રાત ઊંઘ આવે?

આ પાતળી દિવાલ માયાની છે. તમે જપ-તપ કરો છો પણ મોહ-માયાની દિવાલને દૂર નથી કરી શકતા, પછી તમને 'સાક્ષાત્કાર' થાય ક્યાંથી?

# સંવેદનશીલતા અને સાહિત્ય એ બંને અભિન્ન છે, જેને છૂટાં પાડી શકાય નહીં, સંવેદનશીલતા છૂટી પડે તો માણસમાં માણસાઇ ન રહે!

### ● પ્રસંગપટ અને સમાચાર સેતુ

સાંપ્રત સમાજમાં વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે અને માનવસહજ મૂલ્યોનું ધોવાણ થઇને માનવ ગરિમા ભૂલાઇ રહે છે, તે પુનઃસ્થાપિત થાય તેવું પ્રેરણાત્મક અને મનોરંજનનું નહીં, પરંતુ મનોમંથનનું હોય તેવું વિચારક સુસાહિત્ય લખાય અને સ્વચ્છ તથા સ્વસ્થ સમાજનું સ્થાપન થાય, સામાજિક એકરસતા કેળવાય અને કોમી સંવાદિતા સ્થપાય તે માટે સાહિત્યકારોનું દાયિત્વ ખુબ જ મોટું હોઇ, સાહિત્ય સર્જકોએ નવસાહિત્યનું સર્જન કરવા અને તેવા સાહિત્યના પ્રચાર અને પ્રસાર અર્થે ગાંધીનગર સાહિત્ય સભાએ સકારાત્મક અભિગમ અપનાવેલ છે, તે અંતર્ગત ગાંધીનગર સાહિત્ય સભાના વાર્ષિકોત્સવ નિમિત્તે, ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી તા. ૧૦-૨-૨૦૧૩ને રવિવારના રોજ; કડી સર્વ વિદ્યાલય, સેકટર-૨૩ના સદ્ભાવથી તેઓશ્રીના શ્રી બ્રહ્માણી કૃપા હોલમાં 'સાહિત્યિક પરિસંવાદ' યોજાઇ ગયો.

સવારે ૧૦ વાગે શરૂ થયેલ આ કાર્યક્રમમાં સૌ પ્રથમ રજિસ્ટ્રેશન બાદ અલ્પાહાર અને ચા-કોફી લીધા પછી, મંચસ્થ મહેમાનોએ દીપ પ્રજ્જવલિત કરી, કાર્યક્રમનાં મંગલાચરણ કરી, સભામાં ઝળહળતી જયોતિનાં તેજકિરણો રેલાવ્યાં, સંસ્થાના મંત્રી નટવર હેડાઉએ સંસ્થાનો પરિચય આથી સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું અને સિધ્ધહસ્ત અને સંવેદનશીલ લેખક શ્રીને સંસ્થાના પ્રમુખ દોલત ભટ્ટ દ્વારા વક્તાઓ, વી.એસ. ગઢવી, આઇએએસ (રીટાયર્ડ) અને ભાગ્યેશ જહા, (આઇએએસ)નું પરિમલ પમરાટ ફોરતાં પુષ્પગુચ્છથી અભિવાદન કરી, આવકાર્યા.

'લોક સાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના' વિષયના પરિસંવાદમાં સંવેદનશીલ અને વિદ્વાનવક્તા વી.એસ. ગઢવીએ જણાવ્યું કે : 'આજે છે અને ભવિષ્યમાં શાશ્વત પ્રકાર છે; જે ગઇ કાલે હતું, આજે છે અને ભવિષ્યમાં ધબકતું જીવતું રહેશે. લોકસાહિત્યમાં, સમાજમાંથી આવેલ - સમાજમાંથી પ્રગટેલ - ઉદ્ભવેલ બાબતોનું એટલે કે સમાજનું આબેહૂબ પ્રતિબિંબ દેખાય છે. સંવેદનશીલતા અને સાહિત્ય એ બંને અભિન્ન છે, જેને છૂટાં પાડી શકાય નહીં, સંવેદનશીલતા છૂટી પડે તો માણસમાં માણસાઇ ન રહે! સંવેદનશીલતામાંથી સાહિત્ય પ્રગટે છે. બે કૌંચ પક્ષીઓમાંથી એકનો વધ થતાં, ઋષિ હમચચી ગયા અને જે સાહિત્ય રચાયું તે; સંવેદનશીલતામાંથી ઉદ્ભવ્યું; જે આજે પણ જીવિત છે. લોકસાહિત્યની પ્રવૃત્તિઓ અને સંવેધનશીલતા સાથે સીધો સંબંધ છે. સંવેદનશીલતાને કારણે લોકસાહિતયને ઘણું બળ મળ્યું છે. જીવાતા જીવનની ઘટનાઓનું પ્રતિબિંબ ઝીલતું લોકસાહિત્ય ભલે આભૂષણોથી લદાયેલ ન હોય, કે તેની ભાષાની શુધ્ધતા ન હોય; પરંતુ તેની સહજતા, સરળતા અને પ્રવાહિતા વિષે પ્રશ્ન ઉઠાવી શકાય તેમ નથી. તેમાં નદીના વહેણ જેવી સરળતા અને ગહનતા, સૂર્યનાં કિરણઓ જેવી તેજસ્વીતા અને મેઘધનુષ્યના રંગો જેવી બહુરંગી સંવેદનાઓ લોકસાહિત્યમાં ધરબાઇને પડેલી છે. રા'નવઘણ અને ધર્મની માનેલ બેન જાહલનો કિસ્સો ટાંકીને જણાવ્યું કે જયારે જાહલને સિંધમાં સુમરાએ - હમીરે કેદ કરી, ચિઠ્ઠી લખી અને રા'નવગણ બધું જ છોડીને બેનની વ્હારે ચડ્યો. જે કિસ્સો લોકસાહિત્યને કારણએ આજે પણ તરોતાજો છે.

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

માણસ તો ઠીક પરંતુ પ્રાણીઓ - પશુઓ - પક્ષીઓ પણ સંવેદનશીલ હોય છે. સંવેદનશીલતાને કારણે કોયલ બોલે છે. ક્યાં છે સમયપત્રક? જે તે સમયે, ક્ષણે અને કાળે કોયલ બોલે છે; તે કાર્યક્રમ કદાપિ ચૂકતી નથી, જે આપણે જોઇ શકીએ છીએ.

લોકસાહિત્યમાં વેદનાના ભાવો, લાગણીના ભાવો, ભર્યા છે, મરશિયાના ભાવ અને લોકસાહિત્ય છે, જેમાં હૃદયની વેદનાના ભાવો પ્રગટે છે. મરશિયામાં એવી તાકાત છે કે પાષાણા હૃદયનો માનવી પણ મીણની જેમ પીગળી જાય અને ભલભલા કઠોર દિલના માનવની આંખોમાંથી પણ ચોધાર આંસુ વહાવી દે. આમ મરશિયાના ભાવ એ લોકસાહિત્ય છે, જેમાંથી હૃદયના ભાવો સંવેદનાઓ પ્રગટે છે. રૂઢિઓ, સામાજિક રીત-રિવાજો તેમાંથી ભાવો પ્રગટે છે અને તેમાંથી રચાય છે અમોલ લોકસાહિત્ય.' વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં...' એ લોકગીત સર્વવિવિદત છે. જેમાં લોકો શું વાતો કરે છે તેની ચિંતા છે - શું કરીએ છીએ તેની ચિંતા નથી! ગોરાંદેના પિયુ આ બધું જાણ્યા પછી સોમલ - વખડાં વાટી, વાડકો ભરે છે અને ગોરાંદેની સામે ધરી કહે છે કે 'પિઓ ગોરાંદે, નહીંતર હું પી જાઉં!' વિખવાદ ટાળવા ગોરાંદે વખડાં પી જાય છે અને ધંચોળાની લાંબી સોડ તાણે છે! વહુને બાળી-ઝાળીને ઘેર આવ્યા પછી, દીકરા માને કહે છે : 'માડી તુને થઇ શાન્તિ?'

વહુ વગરનો હું થયો રે લોલ!

આમ સમાજમાં મોભો, પોતાની ખોટી થતી વાતો... વિગેરે સામાજિક બાબતોની સંવેદનાઓને કારણે લોકસાહિત્ય સમૃધ્ધ થયું છે. લોકસાહિત્યને જીવતું રાખવા લોકસાહિત્યનું બ.ક.ઠાકોર, અંગ્રેજ અધિકારી ફાર્બસ, કવિ દલપતરામ જેવાઓએ હેરત પમાડે તેવું - ઘણું બધું કામ કરી ડોક્યુમેન્ટશન કર્યું છે. સ્નેહ વત્સલ ચહેરો અને પાઘડીવાળી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યમાં, ૨૫૦ વર્ષમાં ન થાય તેટલું કામ ૨૫ વર્ષમાં કર્યું છે, સાહિત્યમાં લોકજીવનમાં પડેલી બાબતોમાંથી કઇ બાબતો લોકોમાં લઇ જવી તે માટે તેઓ પોતે ધૂળધોયા થઇને ફર્યા અને લોકસાહિત્ય એકત્રિત કર્યું, મોટા ભાગનું લોકસાહિત્ય સામાન્ય માણસમાંથી પ્રગટ્યું છે. એ વાંચ્યા પછી તેમનો કોઇ તિરસ્કાર નહીં કરે. શોષિતો, પીડિતો અને દલિતોની વાતો લખાવી જોઇએ, કારણ કે સમાજની વ્યવસ્થા એવી છે કે, કેટલાકને ભાગે સતત શોષાવાનું, પીડાવાનું, કચડાવાનું આવે છે - કરમે લખ્યું હોય છે. જેના ઉદાહરણ રૂપે લોકગીત રજૂ કરતાં જણાવ્યું કે :

**બીડીઓ વાળોભાઇ બીડીઓ વાળો**
**બાર પૈસાની ૫૦૦ લેખે બીડીઓ વાળો**
**પાછલી રાતે ઊંઘ આવે, તાવ આવે...**
**આંસુ લો'તાં લો'તાં બીડીઓ વાળો**

આમ વંચિતો, પીડિતો, દલિતો, શોષિતોની ગરીબી, નિરાશા, અને દુઃખની સંવેદનાઓ એ લોકસાહિત્યની મૂડી છે.

સંત સાહિત્ય એ પણ લોકસાહિત્ય જ છે. "વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઇ, અચાનક અંધારાં થઇજાશે." એ ભજન આમ તો સામાન્ય લાગે, પરંતુ તેમાં રહેલ ગહન તત્વને ઉજાગર કરવામાં આવ્યું છે.

રવિભાણનું ભજન :

**નહોતા રે મેરૂને નહોતી મેલડી,**
**નહોતા ધરતીને આકાશ.**
**ચાંદો ને સૂરજ જે'દિ નહોતા.**
**તે'દિ ધણી મારો આપોઆપ.**

આમ જયારે કંઇ નહોતું ત્યારે પરમતત્ત્વ - અખંડધારી ધણી હતા જ. જે બાબત સંતો દ્વારા સંવેદનાઓથી ઝીલાઇને લોકસાહિત્યમાં જળવાઇ રહી છે.

પશુઓની સંવેદનશીલતા બાબતે લોકસાહિત્યમાં ધરબાઇને પડેલ બાબતોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ગીરને અડીને આવેલ જૂના વાડી - મોણપર ગામે સિંહ-સિંહણ પાણી પીવા આવ્યાં - મસ્તી કરતાં ધ્યાન ન રહ્યું - મગરે સિંહણને પકડી પાણીમાં - સિંહે ત્રાડ પાડી - ત્રાડ સાંભળી પશુઓએ તરણાં મુકી દીધાં! મગરને બહાર ફેંક્યો - બીજી ત્રાડ - સિંહ ઘવાયો - આ જોઇ રહેલ 'આપા' નીચે ગયા - તેની કેશવાળી પસવારી બોલ્યા :'ગીરના કેસરી! વાહ બાપ! સિંહે સામું જોયું - પીઠ પર હાથ ફેરવી, વનસ્પતિ વાટી - દવા લગાવી ખેસ બાંધ્યો - કાન પકડીને ઘેર લાવ્યા. સિંહ દિવસે નાનો શિકાર કરી પેટ ભરે - પરત આવે. પણ કોઇને રંજાડે નહીં.' 'આપા' મરી ગયા - સ્મશાને લઇ ગયા. સાવઝ ઢસડાતો ઢસડાતો સાથે ગયો - દફ્ન ક્રિયા થઇ. બાદમાં સાવઝ ધીરે ધીરે વનમાં ચાલ્યો ગયો. આમ આ બનેલ ઘટનાઓ હોય છે તેનો ખ્યાલ આવે છે. બીજો દાખલો ટાંકી, તેમણે પશુની અગત્યતા અને તેનાં પ્રત્યેની ચીવટ, હમદર્દી બતાવતાં જણાવ્યું કે એક દરબાર પોતાના ઘોડાને કાયમ ઘી પીવડાવતા, નાની વહુથી આ જોયું જતું નહીં, આથી નાની વહુનાં હાથમાં ઘરનો વેપાર આવતાં, એક દિવસ સસરાને પૂછ્યું :'ઘોડાને ઘી શા માટે? શિકાર માટે હરણાં પાછળ ઘોડો દોડે છે, તે હરણાંને તો કોઇ ઘી પીવડાવતું નથી!' ત્યારે સસરાએ ટૂંકમાં જવાબ આપ્યો :

"પલાણ, બખતર અને મને ઊંચકી ઘોડો જાય!
ઓ કામિની, એ હરણમાંથી શેં થાય!"

આમ પશુ પ્રત્યેની ચીવટ, સમજ, જવાબદારી કર્તવ્યની ભાવના ભરી સંવેદના વ્યક્ત થાય છે, જે ગુજરાતી લોકસાહિત્યમાં છલોછલ છલકે છે.

(ક્રમશઃ)

# મૂલ્યો શિખવવાના ન હોય, મૂલ્યો અનુસરવાના હોય, તેને કર્મમાં લાવવાનાં હોય, જીવનમાં લાવવાના હોય, મૂલ્યોની વાતો ન હોય, સંવેદના હશે ત્યાં મૂલ્યોનું અનુસરણ અવશ્ય હોય

### શ્રુતિ બંધનમ્

**- ડો. બ્રિજ**

દુનિયામાં માણસ સફળ ક્યારે બને?

જ્ઞાનના ભંડારને કેવી રીતે સમાવી શકે?

એક માત્ર... કુતૂહલતા થકી, કુતૂહતા તેને કલ્પનાશીલ બનાવે.

જિજ્ઞાસાવૃત્તિ વ્યક્તિને સફળ બનાવે.

મહાન બનાવે.

શિક્ષણના કર્મમાં જોડાયેલ હોવાના લીધે શીખવાનું ખુબ બને છે. સામે ૩૦-૪૦ બાળકો બેઠા હોય અને પોતાની કુતૂહલ દ્રષ્ટિ મારા પર ફેરવી રહ્યાં હોય... તેમની આંખોમાં હું સપનાં આંજતો હોઉં, તેમના કાનમાં સમજની ફૂંક મારતો હોય. અને તેમની બુધ્ધિમાં અચરજના ચમકારા કરતો હોઉં આવા કર્મથી આનંદ છે, ખુશી છે. હમણાં શાળા, સૌરાષ્ટ્રના પ્રવાસે જઇ આવી. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન ઉજવીને અમે રાત્રે સૌરાષ્ટ્ર ભણી ઉપડ્યા. શાળાનાં બાળકો સાથે ગામ પરિવાર પણ ખાસ્સી મોટી સંખ્યામાં અમારી સાથે જોડાયો હતો. પ્રવાસ સુંદર રીતે પૂર્ણ થયો. બાળકોએ ખૂબ મજા કરી...! આનંદથી અમે ૨૯ જાન્યુ.ની રાત્રીએ પાછા આવ્યા.

કંટાળતા નહીં મિત્રો મારી વાત હવે શરૂ થાય છે. શાળા ખૂલે છે, બાળકો નવા ઉત્સાહથી શાળાએ આવ્યાં. પ્રાર્થના શરૂ થઇ. એક છોકરી પ્રાર્થના સંમેલનમાં તેણે અનુભવેલ વાતો કહેવા ઊભી થાય છે. મારા શરીરમાં થોડો થાક હતો. હું શાંત થઇ બધું નિહાળી રહ્યો હતો. એ બાળક તેની અનુભૂતિઓ પાથરતું હતું. તેના શબ્દોમાં થોડું...

"મને પ્રવાસની ખૂબ મજા પડી. સૌથી વધારે સાગરનું દર્શન મને ખૂબ ગમ્યું. દીવના બીચ ઉપર અમે સવારનાં દસેક વાગે પહોંચ્યાં હતા ત્યારે સૂરજના કિરણોથી ભરેલો દરિયો જોવાની જે મજા આવી તે સુંદર હતી. દરિયામાં પડતાં કિરણો જાણે કે મોતી જેવાં ચમકતાં હતા. અને આમેય સાગર તો મોતી પકવનાર છે. અહીં તો હીરલા સપાટી ઉપર ચમકતા હતા..!"

આવું સાંભળતાં મારામાં ગજબની તાજગી અનુભવાવા લાગી. મારો થાક ગાયબ થતો લાગ્યો. હું તાળી પાડી ઊઠ્યો. વાહ, ખૂબ સરસ ના ઉદ્ગાર મારામાંથી વારંવાર સરી પડતા હતા. એ બાળકીનું નામ હતું ઝલક. તેની કુતૂહતા અને સમજને હું જોતો રહ્યો... ખરેખર અમારૂં કામ મને ખૂબ ગમ્યું. બાળકને કલ્પનાનું મેદાન આપી શક્યો તેનો અઢળક આનંદ થયો...!

ખરેખર, બાળકોમાં કલ્પનાશીલતા દરિયાની વિશાળતા જેટલી જ હશે...! આખું આકાશ સમાઇ પડે એટલો અવકાશ તેના માનસમાં ભર્યો હશે કે કેમ? અને આમેય બાળક દરિયાના જેવું ઉછળ કુદિયું તો ખરૂં જ... તોફાની પણ...! મેં છોકરાઓને કહેલું તમે દરિયો ચાખજો, સૂંઘજો, અનુભવજો, આંખોમાં ભરી લેજો. ખાઇ લેજો. આખી જિંદગી એ અનુભૂતિ કામ લાગશે...! ખરેખરા અર્થમાં બાળકોએ દરિયા માણ્યો છે તેવું જણાયું. મને બાળકોની શક્તિ ઉપર વધારે શ્રધ્ધા બેઠી. તે કદાચ અભિવ્યક્તિ ન કરે પણ તેના માનસમાં ઘણું - ઘણું હશે. તેના હૃદયમાં નર્યો પ્રેમ ભરેલો હશે. વ્યક્તિના જીવનની ગતિ શાળામાં ઘડાય છે. બાળક માટે શાળા, શાળાનાં અનુભવો અનોખું કલ્પના વિશ્વ ખડું કરે છે. અને જિંદગીભર આ પહેલાં અનુભવની મૂડી સાથે જ રહે છે. એ મૂડી વધે છે અને માણસ સફળ થયો. તેવું સાબિત થઇ જાય છે. માણસ મોટો થઇ ગયો, સજ્જન માણસ છે વગેરેની વાતો ઉઠવા પામે છે, શિખવનાર તરીકે ખૂબ તકેદારી રાખવી પડે. બાળક તરત જ અને ઘણું ઘણું શીખે છે, તેની આ પ્રક્રિયા બાલ્યકાળમાં એટલે કે પ્રાથમિક શિક્ષણકાળે વધુ તીવ્રતા ધરાવે છે. એટલે જ આ સમય જેટલો સમૃધ્ધ એટલું જીવન સમૃધ્ધ. નવી ઊંચાઇ પ્રાપ્ત કરવા ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડે...! અને પંદર વર્ષ સુધીની વયકક્ષા એ શીખવાની રફતાર છે. ચિત્તમાં બધું જ જડી દેવા બાળક તૈયાર હોય છે. શિખવનાર તરીકે હું કેટલું નાવિન્ય ખડું કરી શકું? એ વાત મુખ્ય છે.

એક વાર વર્ગના એક બાળકે કહેલું ફિલ્મ સ્ટાર કરતાં શિક્ષકનું કામ વધારે છે. બાળક શું બોલે છે તેની કલ્પના કરવી પણ કઠિન છે. એ સરળ રીતે સમજ્યું છે કે ફિલ્મનો હિરો મારી સામે નથી મારી સામે મારા સાહેબ છે. એ તેને માટે સર્વસ્વ છે. મા-બાપ કે તેના કરતાં પણ વિશેષ...! આપણા દેશમાં શિક્ષકને ફિલ્મસ્ટાર કરતાં વધુ માનવીય દૃષ્ટિથી જોવામાં આળશે ત્યારે આ દેશની સ્થિતિ બદલાઇ ગઇ હશે. શિક્ષક ખુદ માનવા લાગશે મારા ઉપર વિશેષ ભાર છે, મારૂં કર્તવ્ય મુલ્યવાન છે. અને આવો ભાર સમજવાવાળો જ શિક્ષક થશે. અને એ સમજદારીની મૂર્તિ પાસેથી કલ્પનાશક્તિના ચમત્કારો ખડા થઇ શકે. બાળકને અનુભવ વિશ્વ આપવું છે, તેની જિજ્ઞાસા સંતોષાય, બાળક કલ્પનાશીલ બને એટલે આપણું કર્મ સુપેરે પાર પડે.

મને 'કલ્પના' ખૂબ ગમે છે. કલ્પનાશીલતા એક આગવી અવસ્થા છે. અને કલ્પનાથી જ કદાચ સંવેદના જન્મી શકે, અને સંવેદના એ તો મૂલ્ય શિક્ષાની જનની છે. મૂલ્યો શિખવવાના ન હોય, મૂલ્યો અનુસરવાના હોય, તેને કર્મમાં લાવવાનાં હોય. જીવનમાં લાવવાના હોય. મૂલ્યોની વાતો ન હોય. સંવેદના હશે ત્યાં મૂલ્યોનું અનુસરણ અવશ્ય હોય. દોસ્તો, શિક્ષણ સંવેદનશીલતા અને કલ્પનાશીલતાના સરવાળે આકાર પામે તો ધારી સફળતા મળે જ મળે...! રાષ્ટ્ર પ્રત્યે, સમાજ પ્રત્યે કે માનવ માત્ર વચ્ચે સંવેદનાપૂર્ણ વ્યવહાર કરવો એ જ ખરૂં છે. ચાલો, કલ્પનાનાં વાદળ રચીને અને સંવેદના ભર્યો વરસાદ ખેરવીએ...!

**સ્વીટ રેઇન :**

ઇયળમાં એવું કશું જન થી દેખાતું જેને લીધે માની શકાય કે એમાંથી પતંગિયું બનવાનું છે...!

**- બક મિંસ્ટર ફુલર.**

# જે સદ્ગુરૂનું શરણ છે અને તેમના દર્શાવેલ માર્ગ પર જીવન વિતાવે છે, સેવા, સાધના અને સત્સંગ કરે છે, તેઓનાં આ લોક જ નહિ પરલોક પણ સુધરી જાય છે

### લોક અને પરલોક સુધારનો સરળ ઉપાય

**- લક્ષ્મી વાધવાની**

એક દેશમાં એવો રિવાજ હતો કે દરેક રાજા પાંચ વર્ષ સુધી જ રાજ કરી શકે અને પાંચ વર્ષ બાદ તેનો વંશજ અને જો તે ન હોય તો તે જેને ઇચ્છે તે ફરી રાજા તરીકે નિમાય અને એ જુના રાજાએ રાજપાટ છોડીને ૧૦-૧૨ કિ.મી. દૂરના નદી પારનાં જંગલમાં જવું પડતું. જયાં જંગલી જાનવરો પણ હોય અને ખાવાપીવાનો બંદોબસ્ત પણ ના હોય. રાજાને ભાગ્યના ભરોસે છોડી મૂકવામાં આવતા.

એક રાજાના પાંચ વર્ષ પૂરા થયા. તેણે પોતાના પુત્ર ઘનશ્યામને રાજપાટ સોંપ્યું અને કહ્યું 'લે દીકરા ઘનશ્યામ, આ રાજ હવેથી તારૂં છે, કારભાર સરખો ચલાવ અને હવેના પાંચ વર્ષ જેટલો થાય જલસા કરી લે પછી તો તારે પણ મારી જેમ ભાગ્યના હવાલે જ થવું પડશે. ઘનશ્યમ હજુ બાવીસ વર્ષનો જ હતો. એણે વિચાર્યુ હજુ તો મારી પાસે આખી જિંદગી પડી છે. પાંચ વર્ષ માટે થઇને આખી જિંદગી હોડમાં ના મૂકાય. પણ ઘનશ્યામ જ્ઞાની હતો. તેને રાજપાટ લેતાં પહેલાં પોતાનાં ગુરૂજીનો સંપર્ક કર્યો, ગુરૂજીએ કહ્યું, તું બેધડક રાજપાટ લઇ લે અને હું તને કહું તે પ્રમાણે રાજ ચલાવજે.'

ગુરૂજીના સાંનિધ્યમાં ઘનશ્યામે રાજપાટ લઈ લીધો અને કારભાર સંભાળી લીધો. ગુરૂજીએ એને પહેલાં દિવસથી જ સલાહ આપી કે આ પાંચ વર્ષ તું જેમ હું કહે તેમ જ કામ કરજે. સૌ પ્રથમ તો જે જંગલમાં પાંચ વર્ષ પછી તારે જવાનું છે તે જંગલ કપાવવાનું શરૂ કરી દે. ત્યાં પક્ષીઓનાં ઘર એટલે કે પ્રાણી સંગ્રહાલય બનાવી દે. તેમાં જંગલી પશુ તેમજ પક્ષીઓને સુરક્ષિત કરી દે તથા તમામના આહારનો બંદોબસ્ત કરી દે. રોડ-રસ્તા બનાવી દે. બાળકો માટે શાળા, બાગ બગીચા બનાવી દે જેમાં બાળકોના રમવાનાં સાધનો હોય, નર્સરી બનાવી દે. આ બધી સગવડોની સાથોસાથ નદી પાર રહેનારા લોકોના જીવન-નિર્વાહ માટે ખૂટતી તમામ સુવિધાઓ કરાવી દે. આમ, તમામ સગવડો મળતાં જંગલો, કપાઇ જતાં નદીની સામે પારના માણસો ખુશ થઇ જશે, કોઇને જંગલી જાનવરોનો ભય નહિ રહે, ત્યાં બધાને નોકરી ધંધા-રોજગાર મળે તેવી સુવિધા પણ આ પાંચ વર્ષ દરમિયાન કરાવી દેજે.

ઘનશ્યામે એના ગુરૂજીના કહ્યા પ્રમાણે કામકાજ પ્રથમ દિવસથી જ શરૂ કરી દીધું. જંગલ કપાવતાં પહેલાં તમામ જંગલી જાનવરો/પશુ પક્ષીઓનાં જાનની સુરક્ષા કરી. બધાના ખાનપાનની સુવિધા કરી. દિવસો, મહિનાઓ અને હવે વર્ષો વીતતા ચાલ્યા. આખરે એક દિવસ એવો આવી ગયો. ઘનશ્યામ રાજાના પાંચ વર્ષનો કાળ પૂરો થઇ ગયો. તેના જવાનો દિવસ આવ્યો, નગરજનો બધા વિરોધ કરવા લાગ્યા કે આ રાજાને અમારે જવા નથી દેવા. કારણ કે, આ રાજાએ નદી પાર જ નહિ પોતે રહેતો તે આખા નગરમાં પણ અદ્યતન સુવિધાઓ, રોજગારીની તકો, બાગ બગીચા બધું જ ઊભું કરી દીધું હતું. બાળકોની અદ્યતન સગવડો સાથેની શાળા-મહાશાળાઓ બનાવી દીધી હતી જેને કારણે બધા ખૂબ ખુશ હતાં આથી કોઇ આ રાજાને જવા દેવા માંગતા નહોતા. પણ, નિયમ એ નિયમ.

ઘનશ્યામ રાજાના જવાનો દિવસ આવી ગયો. સામે છેડે નદી પારના રહીશો ખુબ જ તૈયારી સાથે રાજાના સ્વાગત માટે તૈયાર હતા. રાજાને પણ હવે ભવિષ્યની કોઇ ચિંતા નહોતી. આમ, આ પાંચ વર્ષના સમયનો સદુપયોગ કરીને ઘનશ્યામ રાજાએ માત્ર પોતાનું જ નહિ નગરના તમામ લોકોનું કલ્યાણ કરી દીધું. ભવિષ્ય સુધારી દીધું. પણ આ ત્યારે શક્ય બન્યું જયારે તેને તેના ગુરૂ મળ્યા, ગુરૂજીની સલાહ અને આશીર્વાદ મળ્યાં.

આના પરથી એવું નથી લાગતું કે આપણએ પણ આ જે જિંદગી મળી છે ખૂબ ટૂંકી છે પછી આપણે આ દુનિયા છોડી જવાનું છે. જે સમય મળ્યો છે તે સારી રીતે વિતાવવાના બદલે આ મળેલ સમયમાં જે સુખ-સમૃધ્ધિ મળી છે તે ભોગવી લઇએ. પછી તો મરવાનું જ છે ને એવું વિચારીને જ જીવી રહ્યાં છીએ? પણ જેના જીવનમાં સદ્ગુરૂનું આગમન થાય છે, જે સદ્ગુરૂનું શરણ છે અને તેમના દર્શાવેલ માર્ગ પર જીવન વિતાવે છે, સેવા, સાધના અને સત્સંગ કરે છે, તેઓનાં આ લોક જ નહિ પરલોક પણ સુધરી જાય છે.

સાથોસાથ આ બાબત પાંચ વર્ષ માટે ચૂંટાયેલ નેતાઓને પણ એટલી જ લાગું પડે છે ને? કાશ, આ બાબતનો ધડો એ લોકો લે કે જેઓ પાસે સત્તા છે, સગવડ છે અને ઇશ્વરકૃપાથી જેઓને ક્ષમતા પણ મળેલી છે.

### આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૬મી ફેબ્રુઆરી**

● કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે પાસ થનારા પૂનાની ફર્ગ્યુસન કોલેજમાં આચાર્ય, ભારતના મહાન ગણિતશાસ્ત્રી ડો. રઘુનાથ પરાંજપેનો જન્મ - ૧૬-૨-૧૮૭૬.



● ૧૬૪૬ - ઓરંગઝેબની નિમણૂંક ગુજરાતના સૂબા 'હાકેમ' તરીકે થઇ.

● ૧૯૦૫ - જાણીતા વહીવટકર્તા - અલીયાવર જંગ બહાદુરનો જન્મ.

● ૧૬૦૦ - ધર્મશાસ્ત્રોની ભ્રામક માન્યતાઓનું ખંડન કરનારા વિજ્ઞાની - જયોર્જ ત્રિયોદાનો બુર્નોને જીવતો સળગાવી મુકવામાં આવ્યો.

● ૧૮૨૩ - ચીનમાં ભીહંગચંગ - મહાપુરૂષનો જન્મ થયો.



● ૧૮૮૭ માં રાણી વિકટોરીયાના વહીવટને ૭૦ વરસ પુરા થતાં તેનો જયુબીલી ઉત્સવ સમગ્ર બ્રિટીશ સામ્રાજયમાં ઉજવાયો.